# આજથી આરંભાતુ સંસદનું અંદાજપત્ર સત્ર તોફાની બનશે

## રાષ્ટ્રપતિ સરકારની ભાવિ યોજનાઓનો ચિતાર આપશે, બજેટ ૧લી ફેબ્રુઆરીએ રજૂ થશે, સત્ર દરમિયાન કિસાન આંદોલન, ભારત-ચીન વિવાદ, કોરોના સંકટ, અર્થવ્યવસ્થા, વોટસએપ ચેટીંગ સહિતના મુદ્દાઓ ગરમાગરમી લાવશે

ન્યુ દિલ્હી,તા.૨૮ આવતીકાલથી સંસદના બજેટ સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે અને આ સત્ર દરમિયાન વિપક્ષે સરકારને વિવિધ મુદ્દે ઘેરવાની પૂરી તૈયારી કરી લીધી છે. દેશની રાજધાનીમાં નવા કૃષિ કાયદાના વિરોધમાં છેલ્લા ૨ મહિનાથી ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. કૃષિ કાયદા અમલમાં આવ્યા ત્યારથી વિપક્ષો પણ સતત સરકાર પર આંકરા પ્રહાર કરી રહ્યા છે. તેવામાં કાલથી શરુ થતા બજેટ સત્રમાં હવે સરકારને ઘેરવાની તૈયારી વિપક્ષે કરી લીધી છે. લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષ તરફથી નવા કૃષિ કાયદા, ચીન અને કોરોના સંકટ અને કથડતી અર્થવ્યવસ્થા સહિતના મુદ્દાઓ પર સરકારને ઘેરવાની તૈયારી વિપક્ષે કરી છે. આ તમામ મુદ્દા પર વિપક્ષના પ્રશ્નોના જવાબ સરકારે આપવા પડશે. આ સત્ર દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારામન પહેલી ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજુ કરવાના છે.

બજેટ સત્ર શરુ થાય તે પહેલા આ મામલે વિપક્ષી નેતાઓએ સરકારને કેવી રીતે ઘેરવી તે મામલે રણનીતિ ઘડવા એક વીડિયો કોન્ફરન્સ પણ કરી હતી. બજેટ સત્રના પહેલા જ દિવસે એટલે કે શુક્રવારે કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, ડીએમકે, રાજેડી, શિવસેના, આમ આદમી પાર્ટી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સહિતની વિપક્ષી પાર્ટી સંયુક્ત રીતે મોદી સરકારનો વિરોધ કરવા સહમત થઈ છે. વિપક્ષના એક નેતાએ તો રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના ભાષણનો પણ બહિષ્કાર કરી દેવાનું સુચન કર્યું છે. જો કે આ મામલે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

સંસદનું સત્ર ૨૯ જાન્યુઆરી અને શુક્રવારથી શરુ થશે અને ૧ ફેબ્રુઆરીના રોજ કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે. અર્થવ્યવસ્થાની બાબતે પહેલાથી જ ઘેરાઈ ચુકેલી સરકાર માટે આ બજેટ સત્ર સરળ નહીં હોય. પરંતુ સૌથી મોટી સમસ્યા સરકાર માટે નવા કૃષિ કાયદા બની શકે છે. ખેડૂતો અને સરકાર વચ્ચે જે સંગ્રામ ચાલી રહ્યો છે તે બજેટ સત્રમાં પણ સરકારને નડતરરૂપ બનશે તેવું લાગે છે. આ ઉપરાંત કોરોનાના કારણે અર્થવ્યવસ્થાને જે ફટકો પડ્યો છે તેને સુધારવું પણ સરકાર માટે સંકટ છે.

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સીપીઆઈએમ પ્રમુખ સીતારામ યેચુરી અને કેટલાક અન્ય વિપક્ષી નેતાઓના સંપર્કમાં છે. આ સાથે જ સોનિયા ગાંધીએ મજદૂર કિસાન શક્તિ સંગઠનના નિખિલ ડેને પત્ર લખી અને આશ્વાસન આપ્યું છે કે સંસદમાં સૌથી પહેલા કોંગ્રેસ ખેડૂત આંદોલનનો મુદ્દો ઉઠાવશે. વિપક્ષ ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાયદાને રદ્દ કરવા માંગ કરશે.

આ અંગે સૂત્રોના જણાવ્યાનુસાર વિપક્ષી નેતાઓ એવો દાવો પણ કરે છે કે ભાજપના સહયોગી નથી તેવા તમામ પક્ષ આ બજેટ સત્રમાં મોદી સરકાર વિરુદ્ધ એકજૂટ થઈ વિવિધ મુદ્દે સરકારને ઘેરશે. આ અંગે તૃણમૂલ કોંગ્રેસના નેતા ડેરેક ઓ બ્રાયને કહ્યું હતું કે તેમની બેઠક હજુ મળી નથી. પરંતુ તેમની કાર્યયોજના તૈયાર થઈ ચુકી છે. યેચુરીએ પણ કહ્યું છે કે ખેડૂતોનો મુદ્દો તમામ વિપક્ષી પાર્ટીઓ માટે એક થવાનું માધ્યમ બનશે. આ સિવાય તેઓ આર્થિક સ્થિતિ અને ભારત-ચીન વચ્ચેના સંઘર્ષ પર પણ ચર્ચાની માંગ કરશે.



### રાષ્ટ્રપતિના ભાષણનો કોંગ્રેસ સહિત ૧૬ પક્ષો બહિષ્કાર કરશે

શુક્રવારથી શરૂ થઈ રહેલ સંસદના બજેટ સત્રના પહેલા દિવસે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ બંને ગૃહોને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિના અભિભાષણનો કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, શિવસેના, અકાલી દળ, આમ આદમી પાર્ટી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સહીત ૧૬ પાર્ટીઓ બહિષ્કાર કરશે. આ તમામ પાર્ટીઓ તરફથી નિવેદન જાહેર કરવામાં આવ્યું છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે જણાવ્યું છે કે અમે તમામ ૧૬ રાજકીય પક્ષો એક નિવેદન જાહેર કરી રહ્યાં છીએ કે અમે રાષ્ટ્રપતિના અભિભાષણનો બહિષ્કાર કરી રહ્યા છીએ. જે આવતી કાલે સંસદમાં આપવામ આવશે. આ નિર્ણય પાછળ મુખ્ય કારણ એ છે કે ત્રણ કૃષિ કાયદાઓને વિપક્ષ સાથે ચર્ચા કર્યા વગર સંસદમાં જબરદસ્તી પસાર કરી દેવામાં આવ્યા છે.

કોંગ્રેસ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી,નેશનલ કોન્ફરન્સ, ડીએમકે, તૃણમૂલ કોંગ્રેસ, શિવસેના, સમાજવાદી પાર્ટી, આરજેડી, સીપીઆઈ (એમ), આઈજેએમએલ, આરસીપી, પીડીપી, એમડીએમકે, કેરળ કોંગ્રેસ, એઆઈયુડીએફ. આ સિવાય અકાલી દળ અને આમ આદમી પાર્ટી પણ અભિભાષણનો બહિષ્કાર કરશે.

### છેલ્લે... છેલ્લે...

- ચીની એપ ટીકટોકે ભારતમાં પોતાનો ધંધો બંધ કર્યો.
- કપાસિયા તેલમાં છેલ્લા બે દિવસમાં ૫૦ રૂ.નો ભાવ વધારો.
- પ. બંગાળ વિધાનસભામાં કૃષિ કાયદા વિરૂદ્ધ ઠરાવ પસાર કરાયો.
- સુરતના આરએફઓ રિપલ ચૌધરી એક લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા.
- ટ્રેક્ટર પરેડ દરમ્યાન હિંસામાં ઈજાગ્રસ્ત પોલીસ જવાનોની અમિત શાહે ખબર-અંતર પુછી.
- શેરબજારમાં બીજા દિવસે પણ સેન્સેક્સ ૫૩૬ પોઈન્ટ ઘટ્યો.
- ઓવૈસી ૭ મી ફેબ્રુઆરીએ ભરૂચમાં સભા કરશે.
- રાષ્ટ્રપતિના સંબોધનનો ૧૬ પક્ષો બહિષ્કાર કરશે.
- ગુજરાત સહિત છ વિધાનસભાની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી લડશે.
- કેરાલા અને મહારાષ્ટ્રમાં દેશના ૬૭ ટકા કોરોનાના સક્રિય કેસ.
- આદિત્યનાથે એક કરોડ એક લાખ રામ મંદિર નિર્માણ નીધિમાં આપ્યા.

# સતત પાંચમા દિવસે કડાકો, સેન્સેક્સ ૫૩૬ પોઈન્ટ તૂટ્યો

## નિફ્ટી ૧૫૦ પોઈન્ટ તૂટ્યો, એક્સિસ બેન્ક, એસબીઆઈ અને આઈસીઆઈસીઆઈ બેંકના શેરના ભાવમાં વૃધ્ધિ

નવી દિલ્હી, તા. ૨૮ સામાન્ય બજેટની પહેલાં ગુરુવારે સતત પાંચમા દિવસે શેરબજારમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો. આઈટી, એફએમસીજી અને જાહેર ક્ષેત્રની બેંકોના શેરના વેચાણના દબાણને કારણે બીએસઈ સેન્સેક્સ ૫૩૫.૬ અંક એટલે કે ૧.૧૩ ટકા તૂટીને ૪૬૮૭૪.૩૬ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. નિફ્ટી પણ ૧૫૦ પોઈન્ટ એટલે કે ૧.૦૭ ટકા ઘટીને ૧૩૮૧૭.૫ ની સપાટીએ બંધ રહ્યો હતો. સેન્સેક્સના ૩૦ માંથી ૨૧ શેરો નીચા મથાળે બંધ થયા છે. સેન્સેક્સ ૫ દિવસમાં ૩૦૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો કરી ચુક્યો છે. સેન્સેક્સના શેરમાં એચયુએલના શેરમાં સૌથી વધુ ૬.૬ ટકાનો ઘટાડો થયો છે. મારુતિ સુઝુકીના શેરમાં ૪.૪ ટકાનો ઘટાડો, એચસીએલ ટેક અને બજાજ ફિનસર્વના શેરમાં ૨-૨ ટકાનો ઘટાડો થયો છે. બીજી તરફ, એક્સિસ બેંક (૫.૫ ટકા), એસબીઆઈ (૨.૭ ટકા) અને આઈસીઆઈસીઆઈ બેંક (૧.૩ ટકા) માં તીવ્ર વધારો થયો છે. નબળા વૈશ્વિક સંકેતો વચ્ચે એચડીએફસી, ટીસીએસ, ઈન્ફોસીસ અને આઈસીઆઈ સીઆઈ બેંક જેવા મોટા શેરોમાં ઘટાડાને લીધે ગુરુવારે પ્રારંભિક કારોબાર દરમિયાન સેન્સેક્સમાં મુખ્ય શેર સૂચકાંક ૫૨૦ પોઈન્ટથી વધુ ઘટ્યો હતો. બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ આ સમયગાળા દરમિયાન ૫૨૩.૧૪ અંક એટલે કે ૧.૧૦ ટકા ઘટીને ૪૬,૮૮૬.૭૯ પર હતો.

એ જ રીતે, બ્રોડર એનએસઈ નિફ્ટી ૧૬૭.૮૦ પોઈન્ટ અથવા ૧.૨ ટકા ઘટીને ૧૩,૭૯૯.૭૦ પોઈન્ટ પર હતો. સેન્સેક્સમાં એચડીએફસી બેંક સૌથી વધુ ૨.૫ ટકા તૂટ્યો. આ ઉપરાંત એચડીએફસી, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, સન ફાર્મા, પાવરગ્રિડ, કોટક બેંક, એસબીઆઈ અને નેસ્લે ઈન્ડિયાના શેરના ભાવ નબળા રહ્યા હતા. બીજી તરફ ઓએનજીસી, એનટીપીસી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એચયુએલ ગ્રીન માર્ક પર રહ્યા હતા. આજે સપ્તાહના ત્રીજા દિવસે ગુરુવારે પણ આખો દિવસ વધારા-ઘટાડા પછી શેરબજારમાં ભારે કડાકો પડ્યો છે. તેમાં છેલ્લા પાંચ દિવસોથી કડાકાની પ્રક્રિયા શરૂ થઈ છે. સેન્સેક્સમાં ૫૩૫ પોઈન્ટનો કડાકો પડ્યો છે. જેમાં નિફ્ટી પણ ૧૪ હજારની નીચે છે. તેથી રોકાણકારોને કરોડો રૂપિયાનું નુકસાન થયુ છે.

સ્થાનિક શેરબજારમાં આજે બંધ થતા કડાકો જોવા મળ્યો છે. તેથી શેરબજારમાં નિરાશા છવાઈ ગઈ છે. દિગ્ગજ શેરની વાત કરીએ તો આજે એસબીઆઈ, એક્સિસ બેંક, આઈઓસી, બીપીસીએલ અને ગેલના શેર લીલા નિશાન પર બંધ થયા છે.

# ગાંગુલીના હાર્ટમાં બ્લોકેજ દૂર કરવા વધુ બે સ્ટેન્ટ મુકાયા

કોલકાતા, તા. ૨૮

ભારતીય ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ અને પૂર્વ ક્રિકેટર સૌરવ ગાંગુલીએ બુધવારે છાતીમાં દુખાવાની ફરિયાદ કરતા તાત્કાલિક એપોલો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગુરુવારે ગાંગુલીના હાર્ટની આર્ટરીમાં રહેલા બ્લોકેજને દૂર કરવા માટે વધુ બે સ્ટેન્ટ મુકવામાં આવ્યા હતા. અગાઉ ૨ જાન્યુઆરીએ તેમને હાર્ટ એટેક આવ્યો હતો, ત્યારે એક સ્ટેન્ટ મુકાયું હતું. ત્યારબાદ ૭ જાન્યુઆરીએ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.



કોલકાતાની વુડલેન્ડ હોસ્પિટલના ડોક્ટર અને હાર્ટ નિષ્ણાત ડો. દેવી શેટ્ટીએ તે વખતે જણાવ્યું હતું કે, સૌરવ ગાંગુલીની તબિયત સારી છે અને હવે તેઓ મેરેથોન દોડી શકે છે તેમજ ફરીથી ક્રિકેટ પણ રમી શકે છે. ગઈકાલે એપોલો હોસ્પિટલ દ્વારા એક યાદીમાં જણાવાયું હતું કે ૪૮ વર્ષીય રૂટીન કાર્ડિયાક ચેકઅપ માટે આવ્યા હતા અને તેમના વાઈટલ પેરામીટર્સ બરોબર છે.

ગઈકાલે સૌરવ ગાંગુલીની સારવાર બાદ ૨૦ દિવસ થયા હતા અને તેમને ફરીથી છાતીમાં દુખાવો થતા તેમને કોલકાતા પોલીસે ગ્રીન કોરિડોર ઉપલબ્ધ કરાવ્યું હતું અને તેમને એપોલો હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ગુરુવાર ડોક્ટર આફતાબ ખાન ગાંગુલીને બાકીના બે સ્ટેન્ટ મુક્યા છે. તેઓએ ડોક્ટર શેટ્ટીની હાજરીમાં ઓપરેટ કર્યું હતું.

સૌરવ ગાંગુલીને મહિનાના પ્રારંભે ઘરમાં કસરત કરતી વખતે છાતીમાં દુઃખાવો થતા તેમને વુડલેન્ડ હોસ્પિટલમાં એડમિટ કરાયા હતા અને તેમની એન્જિઓપ્લાસ્ટી કરવામાં આવી હતી.

# ભારતે કોરોનાની લડાઈને એક જનઆંદોલનમાં બદલી : મોદી

## દેશે નિરાશાને હાવી ના થવા દીધી અને કોરોના માટે ખાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરી અને લોકોને જંગ માટે તૈયાર કર્યા

નવી દિલ્હી, તા. ૨૮ પીએમ મોદીએ વીડિયો કૉન્ફરન્સ દ્વારા વિશ્વ આર્થિક મંચના દાવોસ સંવાદને સંબોધિત કર્યો. કાર્યક્રમમાં આખી દુનિયાથી ઉદ્યોગ જગતના ૪૦૦થી વધારે ટોચના પ્રતિનિધિ ભાગ લઈ રહ્યા છે. આ કાર્યક્રમમાં પીએમ મોદી ‘ચોથી ઔધોગિક ક્રાંતિ-માનવતાની ભલાઈ માટે ટેકનોલોજીનો ઉપયોગ’ વિષય પર સત્રને સંબોધન કર્યું હતું. દાવોસ એજન્ડામાં પોતાના સંબોધન દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, તમે અર્થવ્યવસ્થાના આ મહત્વના મંચને આ મુશ્કેલ સમયમાં પણ જીવંત બનાવી રાખ્યું છે. દુનિયાની અર્થવ્યવસ્થાઓ કેવી રીતે આગળ વધશે એ આજે સૌથી મોટો પ્રશ્ન છે.

તેમણે કહ્યું કે, ભારત તરફથી દુનિયા માટે આશા અને સકારાત્મકતાનો સંદેશ લઈને આવ્યો છું. પીએમ મોદીએ કહ્યું કે, જ્યારે કોરોના આવ્યો ત્યારે મુશ્કેલીઓ ભારતની સામે પણ કંઈ ઓછી નહોતી. ગત વર્ષે માર્ચ-એપ્રિલમાં દુનિયાના નામી એક્સપર્ટે શુ-શું કહ્યું હતુ. કોઈકે ભારતમાં કોરોના સંક્રમણની સુનામી આવવાની વાત કરી હતી, તો કોઈએ બે મિલિયનથી વધારે લોકોના મોતની શક્યતા વ્યક્ત કરી હતી. સ્થિતિ જોઈને ભારત જેવા વિકાસશીલ દેશ માટે દુનિયાની ચિંતા પણ વ્યાજબી હતી.

પીએમ મોદીએ કહ્યું કે, ભારતે આવા સમયે ખુદ પર નિરાશાને હાવી ના થવા દીધી. અમે કોરોના માટે ખાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કર્યું અને લોકોને કોરોનાની વિરુદ્ધ જંગ માટે તૈયાર કર્યા. ભારતના દરેક વ્યક્તિએ ધૈર્યની સાથે પોતાના કર્તવ્યોનું પાલન કર્યું અને કોરોનાની વિરુદ્ધ લડાઈને એક જનઆંદોલનમાં બદલી દીધું. ભારત આજે એ દેશોમાંથી છે જે પોતાના વધારેમાં વધારે લોકોના જીવન બચાવવામાં સફળ રહ્યું છે. વર્લ્ડ ઈકોનોમિક ફૉરમમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે વૈશ્વિક નેતાઓને નવા શીત યુદ્ધની શરૂઆત થવાની વિરુદ્ધ ચેતવ્યા છે. તેમણે આ સાથે જ કોવિડ-૧૯ મહામારીની વિરુદ્ધ વૈશ્વિક એકતાનો આગ્રહ પણ કર્યો છે. વિશ્વ આર્થિક મંચની ‘ઑનલાઈનલ્ર દાવોસ એજન્ડા શિખર સંમેલનને સંબોધિત કરતા આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળની પ્રમુખ ક્રિસ્ટલીન જાર્જીએવાએ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે ૨૦૨૧ માટે વિકાસ દર ૫.૫ ટકા રહેવાનું અનુમાન લગાવ્યું છે, જે પહેલાના અનુમાન કરતા વધારે છે. વિશ્વ આર્થિક મંચના ઑનલાઈન દાવોસ એજન્ડા શિખર સંમેલનની શરૂઆત રવિવાર રાત્રે થઈ છે. ડબલ્યૂઈએફનું નિયમિત વાર્ષિક સંમેલન આ વર્ષે મેમાં સ્વિટ્ઝરલેન્ડના દાવોસની જગ્યાએ સિંગાપુરમાં થશે.



ખેડબ્રહ્મામાં ધ્વજવંદન... પ્રજાસત્તાક દિનની પ્રભાતે ખેડબ્રહ્મા સરકારી હૉસ્પિટલ ખાતે સુપ્રિટેન્ડન્ટ ડૉ. હિતેષ બ્રહ્મભટ્ટે ત્રિરંગો લહેરાવી સલામી આપી હતી. આ પ્રસંગે સિવિલના આરોગ્યકર્મીઓ અને શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરવાની શરૂઆત, ૧ ફેબ્રુઆરીથી ધો.૯-૧૧ના વર્ગો શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮ કોરોનાના કારણે નવા શૈક્ષણિક સત્રમાં ગત વર્ષે એકપણ દિવસ વિદ્યાર્થીઓ શાળામાં આવ્યા નથી ત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષા ૨ મહિના વિલંબથી મે.૨૦૨૧માં યોજવાનો નિર્ણય લીધો છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૪૭ તાલુકાના ૨,૭૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા આપવાના છે ત્યારે ધોમધખતા તાપમાં બોર્ડ પરીક્ષાના આયોજન સામે વાલીઓમાંથી નારાજગીનો સૂર પ્રગટ્યો છે. ધો.૧૨ બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરવાની શરૂઆત થઈ છે ત્યારે કોર્સ ટૂંકાવી માર્ચમાં પરીક્ષા યોજવાની અનેક વાલીઓએ માંગ કરી છે.

કોરોનાનું ગ્રહણ વેપારની સાથે શિક્ષણ જગતને પણ લાગ્યું છે. શાળાના સંચાલકોની હાલત દયામણી બની છે. વાલીઓ પોતાના સંતાનોને શાળામાં મોકલતા નથી જેના કારણે ફીની આવક ન થતાં શાળા સંચાલકોને હાથ લંબાવવાની નોબત આવી છે. ગત જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો અને ત્યારબાદ ૧૮ નવેમ્બરથી બીજા નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો ત્યાં સુધી શાળાઓમાં એકપણ દિવસ વિદ્યાર્થીઓની ફિઝીકલી હાજરી કોરોનાના કારણે જોવા મળી નથી. અત્યારે જે રીતે કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. તા.૧૧ જાન્યુઆરી-૨૦૨૧ થી ધો.૧૦-૧૨ ના વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ થયું પરંતુ માંડ ૬૦ થી ૬૫ ટકા હાજરી હોય છે અને તેમાં પણ વિદ્યાર્થીઓ અનિયમિત જણાઈ આવ્યા છે. ધો.૯ અને ૧૧ના વર્ગો તા.૧ ફેબ્રુઆરીથી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે બોર્ડ પરીક્ષા ધોમધખતા તાપમાં મે. મહિનામાં યોજાય ત્યારે તાપમાનનો પારો ૪૪ થી ૪૫ ડિગ્રી હોય આ સંજોગોમાં બોર્ડ પરીક્ષાના તણાવ હેઠળ વિદ્યાર્થીઓની તબિયત વધુ બગડે તેની દહેશત છે આ સંજોગોમાં બોર્ડે કોર્સ ટૂંકાવીને માર્ચ મહિનામાં પરીક્ષાનું આયોજન કરવું જોઈએ તેવો સૂર ઉભો થયો છે. બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થી-વાલીઓની ઉંઘ કોરોનાએ હરામ કરી દીધી છે. આ સંજોગોમાં બોર્ડ દ્વારા દર વર્ષે નવેમ્બર મહિનામાં બોર્ડ પરીક્ષાનાં ઓનલાઈન આવેદનપત્ર મંગાવવામાં આવતાં હતાં પરંતુ કોરોનાના કારણે હવે જાન્યુઆરી મહિનામાં જ ઓનલાઈન આવેદનપત્ર ભરવાની શરૂઆત થશે. જેથી આ કામગીરી ફેબ્રુઆરી સુધી ચાલવાની છે અને ત્યારબાદ મેં. મહિનામાં બોર્ડ પરીક્ષાનું આયોજન થશે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ૨.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષામાં ઝંપલાવશે.



### સરસ્વતી વિદ્યાલય-રમાસમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

બાયડ : બાયડ તાલુકાના રમાસની શ્રી સરસ્વતી વિદ્યાલયમાં રાષ્ટ્રના ૭૨ મા પ્રજાસત્તાક પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. મંડળના ચેરમેન એડવોકેટ કાન્તિભાઈ આર. પટેલે તિરંગો લહેરાવ્યો હતો. કોવિડની ગાઈડલાઈન મુજબ ધો.૯-૧૦ના વિદ્યાર્થીઓ, કેળવણી મંડળના હોદ્દેદારો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામમાં પ્રભાતફેરીનું આયોજન કરી સ્વચ્છતાનો સંદેશ અને કોરોનાથી બચવા માસ્કનો ફરજીયાત ઉપયોગ માટે આહવાન કરાયું હતું. શાળાના આચાર્ય ઉન્મેષભાઈ પટેલ તથા શાળા પરિવાર દ્વારા કાર્યક્રમનું આયોજન થયું હતું.

### કામ અટકાવાયું... ● છઠ્ઠા પાનાનું ચાલુ

મોડાસાના વાઘરીવાસમાં દર ચોમસામા પાણી ભરાય જવાની સમસ્યા છે. આ વિસ્તારના રહિશો છેલ્લા ઘણા વર્ષો થી ભુગર્ભ ગટર યોજનાની માંગ હતી. મોડાસા પાલિકા વિસ્તારમાં સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ.૧૩૮ કરોડના ખર્ચે ભુગર્ભ ગટર નું નિર્માણ થઈ રહ્યુ છે ત્યારે આ વિસ્તારમાં પણ કામ ની શરૂઆત કરી હતી .જોકે ભાજપના નેતાઓ એ ગટરનું કામ વિકાસ નો જશ ખાટવા માટે બંધ કરાવી દીધુ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે ગત શનિવાર ના રોજ મોડાસાની પોસ્ટ ઓફીસ નજીક આવેલ વાઘરીવાસ માં ગટરનું કામ ચાલુ હતુ તેવામાં નવ નિયુક્ત મોડાસા ભાજપ શહેર પ્રમખે આવી ને સ્થળ પર હાજર સુપરવાઈઝર ને કામ બંધ કરી દેવાનો આદેશ કર્યો હતો તેવુ કંપનીના સુપરવાઈઝરે ટેલીફોનીક વાતચીત માં નામજોગ ખુલાશો કર્યો છે. આ આદેશ ના પગલે તાત્કાલીક કામ બંધ કરી દેવામાં આવ્યુ છે. સ્થળ પર હાજર સુપરવાઈઝર બ્રેકર ખરાબ થઈ ગયુ છે તેવા બહાના બતાવે છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે રૂ.૧૩૭ કરોડ નું કામ હાથ પર લીધું છે ને કંપની પાસે સ્પેર બ્રેકર નથી ? છેલ્લા ચાર દિવસથી કામ બંધ છે. વાઘરીવાસમાં ગટર ના કામ માટે રસ્તાની વચ્ચે ખોદકામ કરી છોડી દેવામાં આવ્યુ છે ત્યારે આ વિસ્તારના લોકો જણાવી રહ્યા છે વિકાસ નું કામ અટકાવી ને ભાજપ ના ઉમેદવારો કયા મોઢે મત માંગવા આવશે ? વિકાસ ના કામમો રાજકારણ ન હોવું જોઈએ એ આ નવ નિયુક્ત શહેર પ્રમુખ કોઈ સમજાવશે?

### અંતનો આરંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસે અહીં લગાવવામાં આવેલા પોર્ટેબલ ટોયલેટ પણ હટાવવાનું શરૂ કરી દીધું છે.

નોંધનીય છે કે ૨૬ જાન્યુઆરીની ઘટના બાદ કૃષિ કાયદા વિરુદ્ધ ચાલી રહેલા ખેડૂત આંદોલનને લઈને અસ્થિરતા ફેલાઈ છે. પ્રજાસત્તાક દિવસે ખેડૂતો ટ્રેક્ટર રેલીમાં હિંસા થઈ હતી અને આઈટીઓ, લાલ કિલ્લા અને નાંગલોઈ સહિત દિલ્હીના ઘણા વિસ્તારોમાં બબાલ થઈ હતી. જેને લઈને પોલીસે ૨૦ ખેડૂત નેતાઓ વિરુદ્ધ નોટિસ જારી કરી છે અને પૂછ્યું છે કે તમારા સામે કાર્યવાહી શા માટે ન કરવામાં આવે?

અગાઉ રાકેશ ટિકૈતે કહ્યું હતું કે પોલીસે કેસ દાખલ કર્યો છે અને અમે તપાસમાં પૂરો સહયોગ આપીશું. વીએમ સિંહે આંદોલન સાથે છેડો ફાડી નાંખ્યો છે અને આ અંગે તેમણે કહ્યું હતું કે, તેમના જવાથી કોઈ ફરક પડશે નહીં. જે ખેડૂતો ૨૬ જાન્યુઆરી માટે આવ્યા હતા તેઓ ગયા છે. પોલીસ તપાસ અને વાઈરલ વીડિયોને લઈને ટિકૈતે કહ્યું હતું કે મારો જે વિડીયો પોલીસે દેખાડ્યો છે તેનો હું લેખિતમાં જવાબ આપીશ. આ જૂનો વીડિયો છે. ત્યારે પોલીસ સાથે વાતચીત ફાઈનલ થઈ ન હતી. આ મામલો વાતચીત દ્વારા થાળે પડી શકે છે, પોલીસ બળજબરીથી હટાવી રહી છે તેનાથી આ મામલાનો ઉકેલ આવશે નહીં. ખેડૂત આંદોલનને લઈને ઘણા લોકોમાં હવે રોષ ફેલાયો છે. સિંઘુ બોર્ડર પર ૧૦૦ જેટલા લોકો પહોંચ્યા છે જેઓ આંદોલન વિરુદ્ધ નારા લગાવી રહ્યા હતા. ખેડૂતોનો વિરોધ કરી રહેલા આ લોકોનું કહેવું છે કે આ લોકોએ ત્રિરંગાનું અપમાન કર્યું છે. દિલ્હી-હરિયાણા બોર્ડર પર ખેડૂતો અને આ લોકો વચ્ચે તણાવની સ્થિતિ ઊભી થઈ છે.

### રસ્તો નહીં મળે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતોને બદનામ કરવા માટે દીપનો ઉપયોગ કર્યો હતો.

દીપે વિડિયો ક્લીપમાં એવો સવાલ પણ કર્યો હતો કે લાલ કિલ્લા પર નિશાન સાહિબનો ધ્વજ કોઈ ભાજપી કે સંઘીય વ્યક્તિ લગાડે ખરી. તમે કયા મોઢે મને ભાજપ અને સંઘનો એજન્ટ કહો છો. કોઈ કોંગ્રેસી આવો ધ્વજ લગાડે ખરો. જેને ચૂંટણી લડવી છે એવો કોઈ યુવાન આવો ધ્વજ લગાડે ખરો.

દીપે એવો પણ આક્ષેપ કર્યો છે કે તમે બધા ભેગા થઈને એક માણસને ગદ્દાર કહો છો, લાલ કિલ્લા પર ગયેલા યુવાનોને ગદ્દાર કહો છો. કાં તો તમે સમજતા નથી અથવા સમજવા માગતા નથી કે તમે અત્યાર સુધીમાં જે નિર્ણયો કર્યા એમાં સૌથી વધુ તો તમારો અહંકાર પ્રગટ થયો હતો.

### તમામ ગેઝેટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે અને તે સરળતાથી લોકોને મળી રહે તે રીતે રાખવા જોઈએ. અત્યારે ૧૯ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા જારી થતા ગેઝેટ અને તેમાં જાહેર થતાં પરિપત્રો અને અન્ય વિગતો વેબસાઈટ પર નિયમિત રીતે મૂકવામાં આવે છે,

પરંતુ ગુજરાત સરકાર દ્વારા આવી રીતે ગેઝેટના તમામ ભાગો લોકો માટે અપલોડ કરવામાં આવતા નથી. આ ઉપરાંત અગાઉ જાહેર થયેલા ગેઝેટને પણ વેબસાઈટ પર અપલોડ કરવા જોઈએ. જેથી તે ગેઝેટના આધારે કામગીરી કરવા માગતા સામાન્ય લોકોને વિવિધ સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રાજ્ય સરકારને પૂછ્યું હતું કે ગુજરાત ટેકનોલોજીના ઉપયોગમાં અગ્રક્રમનું રાજ્ય છે ઓ સરકારી ગેઝેટ અપલોડ કરવાની પ્રક્રિયા અંગે શા માટે ધીમી કામગીરી ચાલી રહી છે. જેથી રાજ્ય સરકારે મૌખિક જવાબ આપતા કહ્યું હતું કે આ કામગીરી હાલ ચાલી રહી છે અને થોડાં સમયમાં પૂર્ણ થશે.